

## આપત્તિ સમયે એરફોર્સનું રાહત મિશન

સૌરાષ્ટ્રના અમેરલી જિલ્લામાં ભારે વરસાદના પગલે પુરની સ્થિતિ પેદા થઈ છે. ભારતીય હવાઈદળ દ્વારા ગવાડકા અને ખારી ગામમાં આપત્તિ રાહત કાર્ય અંતર્ગત માનવતાવાદી સહાયકાર્ય હાથ ધરાયું છે. જામનગર ખાતેના એરફોર્સ સ્ટેશનથી બે એમઆઈ ૧૭ વિમાનોએ સતત ૭ કલાક ઉડાનો ભરી ૮૭ પૂરગ્રસ્ત નાગરિકોને બચાવ્યા હતા તેમજ ૧૨૦ કિલો ખોરાકની સામગ્રી પહોંચાડી હતી. આ પંથકના દુર્ગમ સ્થળોએ હજુ પણ અનેક પ્રજાજનો ફસાયેલા છે. હવાઈદળનું મિશન તેમને બચાવવા સતત કાર્ય કરી રહ્યું છે.

# ઓનલાઈન શોપીંગ બાદ બીજી ગેંગ આવીને ગ્રાહકને છેતરી ગઈ

## ફ્રી મળેલું લક્ષ્મી કવચ પાછું આપો તો લેપટોપ આપીશું કહીને કવચ લઈ ગયા : સે-૭ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ

ગાંધીનગર, તા.૨૫

ગાંધીનગર શહેરના સેકટર-૧૨માં રહેતા ગ્રાહકને ઓનલાઈન શોપીંગ બાદ એક વિચિત્ર કડવો અનુભવ થયો છે. ઓનલાઈન શોપીંગ કર્યા બાદ ફ્રીમાં મળેલું લક્ષ્મી કવચ એક બીજી ગેંગ આવીને લઈ ગઈ. લક્ષ્મી કવચના બદલામાં લેપટોપ આપીશું કહીને ચાર શખ્સો કવચ પણ લઈ ગયા અને લેપટોપ પણ આપવા ન આવ્યા. આખરે ગ્રાહકે સે-૭ પોલીસ સ્ટેશનમાં છેતરપીંડીની ફરિયાદ આપતા પીએસઆઈ બોડાણાએ તપાસ શરુ કરી છે.

શહેરના સેકટર-૧૨ સરકારી આવાસમાં રહેતા નરેશ ભુકરે ઓનલાઈન શોપીંગ કરી હતી. તેમણે એર કુલર, ગેસ ગીઝર અને સગડીની ખરીદી કરી હતી જેમાં તેમને એક લક્ષ્મી કવચ ફ્રીમાં મળ્યું હતું. આ શોપીંગ થઈ ગયા બાદ તેમના ઘરે જીજે-૧ એચ.એસ. ૫૫૩ નંબરની કાર લઈને ચાર શખ્સો આવ્યા. નરેશ ભુકરને કહ્યું કે તમારા માટે સ્કીમ છે જો તમોને લક્ષ્મી કવચનાં બદલામાં ડેલ કંપનીનું લેપટોપ લેવું હોય તો આપી દઈશું. નરેશ ભુકરે લેપટોપ લેવા સંમતિ આપતા કાર લઈને આવેલા ચાર શખ્સો લક્ષ્મી કવચ લઈ લેપટોપ મોકલાવી દઈશું કહીને ચાલ્યા ગયા હતાં. આજ દિન સુધી તેમનો કોઈ પત્તો નથી. નરેશ બુકરની ફરિયાદને આધારે સે-૭ પોલીસે છેતરપીંડી વિશ્વાસઘાતનો ચાર અજાણ્યા શખ્સો સામે ગુનો દાખલ કરી ઉંડી તપાસ શરુ કરી દીધી છે.

## મોટી આદરજ ગામે વિજ કરંટથી કિશોરીનું મૃત્યુ

### ઈલેક્ટ્રીક સ્વીચ પાડવા જતા ૧૫ વર્ષની કિશોરીને કરંટ લાગ્યો

ગાંધીનગર, તા. ૨૫

ગાંધીનગર નજીકના મોટી આદરજ ગામમાં રહેતી ૧૫ વર્ષની કિશોરી સોનલ ભરતજી ઠાકોર ગઈકાલે સાંજના અરસામાં ચાલુ વરસાદે પોતાના ઘરે ઈલેટ્રીક સ્વીચ પાડવા ગઈ ત્યારે અચાનક કરંટ લાગતા ચોંટી ગઈ હતી. તાત્કાલિક તેણીને ખાનગી વાહન દ્વારા ગાંધીનગર સિવિલ હોસ્પિટલ લઈ જવામાં આવી હતી. પરંતુ ત્યાં સુધીમાં તેણીનું પ્રાણ પંખેરૂ ઉડી ગયું હતું. પેથાપુર પોલીસે અકસ્માત મોતનો ગુનો નોંધીને જમાદાર મહેન્દ્રસિંહે ઊંડી તપાસ શરૂ કરી છે.

# મોબાઈલ ટાવરમાંથી ટ્રાન્સમીશન કાર્ડની ચોરી કરતો કર્મચારી પકડાયો

## રૂ. ૨૦ લાખનો મુદ્દામાલ રીકવર : છેલ્લા ત્રણ મહિનામાં ૧૫ ટાવરમાંથી ચોરી

ગાંધીનગર, તા. ૨૫

મોબાઈલ ટાવરમાં મુકવામાં આવતી ટી.આર. એક્સ કે જે કાર્ડમાં ૫૦૦ ગ્રામ સિલ્વરની પ્લેટ હોય છે તે ટીઆરએક્ટ કાર્ડની ચાંદીનું પ્રમાણ ખુબ વધી ગયું હતું. જેને પગલે ગાંધીનગર એલસીબી આ ગેંગને પકડવા સક્રીય થઈ હતી. દરમ્યાન ગઈકાલે ઝુંડાલ બસ સ્ટેન્ડ પાસેથી ગાંધીનગર એલસીબીની ટીમે એક શખ્સને રૂ. ૩.૩૦ લાખના મુદ્દામાલ સાથે ઝડપી પાડ્યો હતો. તેની પુછપરછ કરતા તેણે છેલ્લા ત્રણ મહિનામાં ૧૫ ટાવરમાંથી ચોરી કરી હોવાની કબુલાત કરી છે. રૂ. ૨૦ લાખનો મુદ્દામાલ એલસીબીએ રીકવર કર્યો છે. પકડાયેલો આરોપી મોબાઈલ ટાવરની કંપનીમાં જ નોકરી કરતો હતો.

એલસીબી પીઆઈ આશુતોષ

પરમારની સુચનાથી તેમની ટીમ પેટ્રોલીંગમાં હતી તે દરમ્યાન ઝુંડાલ બસ સ્ટેન્ડ પાસે વાહન ચેકીંગ શરૂ કર્યુ હતુ. વાહન ચેકીંગ દરમ્યાન શંકાસ્પદ મુદ્દામાલ સાથે બાઈક પર જઈ રહેલો અમદાવાદ વાસણા વિસ્તારનો યોગેશ વિઠ્ઠલ બોર્ડે (મરાઠી) પકડાયો હતો. તેની પાસેથી મોબાઈલ ટાવરના સ્પેરપાર્ટસ તથા નાની-મોટી ૬ નંગ સર્કીટ મળી કુલ રૂ. ૩,૩૦,૩૫૦નો મુદ્દામાલ મળ્યો હતો. તેની સઘન પુછપરછ કરતાં પોતે હિના કોમ્યુનિકેશન કંપનીમાં ટેકનીશીયન તરીકે નોકરી કરતો અને પહેલા અન્ય કંપનીઓમાં નોકરી કરી ચુક્યો હોવાનું ધ્યાને આવ્યું હતું. અલગ અલગ કંપનીઓના મોબાઈલ ટાવરો અંગે જ્ઞાન તેને હતુ. છેલ્લા ત્રણ મહિના દરમ્યાન અમદાવાદ શહેર વિસ્તારના વિવિધ ૧૫ મોબાઈલ ટાવરોમાંથી કિંમતી ટ્રાન્સમીશન કાર્ડની ચોરી કરી હોવાની તેણે કબુલાત કરી લીધી છે. તેની પાસેથી એલસીબીએ રૂ. ૨૦ લાખનો મુદ્દામાલ રીકવર કર્યો છે. ટીઆરએક્ટના કાર્ડમાં ૫૦૦ ગ્રામ સિલ્વરની પ્લેટ લગાડેલી હોવાથી તેની ચોરી કરતો હતો.

## વાસણ મહાદેવ ગામની ઘંટીમાંથી દારૂની બોટલો પકડાઈ

### બે શખ્સોની ૬ બોટલ સાથે ધરપકડ

ગાંધીનગર, તા. ૨૫

વાસણ મહાદેવ ગામમાં સ્થિત ફ્લોર મીલ (ઘંટી)માં દારૂની બોટલો સંતાડાઈ હોવાની બાતમીને આધારે પેથાપુર પીએસઆઈ ડી.બી. વાળાએ દરોડો પાડ્યો હતો.

દરોડો પાડીને ઘંટીમાંથી રૂ. ૨૪૦૦ની કિંમતની છ નંગ વિદેશી દારૂની બોટલો જપ્ત કરી વાસણા મહાદેવ ગામના જ વાઘેલા મહેન્દ્રસિંહ હેમતુજી અને વાઘેલા રાજેન્દ્રસિંહ મહેન્દ્રસિંહ બંને શખ્સોની ધરપકડ કરી લઈ કાયદેસરની કાર્યવાહી કરી સઘન પુછપરછ શરૂ કરવામાં આવી છે.

ગાંધીનગર સેક્ટર-૧૬ સ્થિત પોસ્ટ ઓફિસમાં આજે બપોરના સુમારે ૨.૩૦ થી ૫.૩૦ વાગ્યા સુધી વીજ પુરવઠો ખોરવાયો હતો. જેના લીધે રોજીંદા કાર્યમાં વિલંબ થયો હતો. તેમજ આમ જનતાને પણ મુશ્કેલીનો સામનો કરવો પડ્યો હતો. વીજકંપની દ્વારા રિપેરીંગના પગલે આ સમય દરમ્યાન વીજ પુરવઠો બંધ કરવામાં આવ્યો હતો. (તસવીર : કશ્યપ નિમાવત)

# લીંબડીયા કેનાલમાં પ્રેમીનો આપઘાત : પ્રેમીકા બચી ગઈ

ગાંધીનગર, તા.૨૫

ડભોડા નજીક લીંબડીયા નર્મદા કેનાલમાં ગઈ સમી સાંજે અમદાવાદ કુબેરનગરનું પ્રેમી યુગલ આપઘાત કરવા આવી પહોંચ્યું હતું. યુવકે મોતની છલાંગ લગાવી દીધી અને યુવતી કરવા જાય તે પહેલા જ કેનાલ સિકયુરીટી ગાર્ડનું ધ્યાન જતા તેણીને બચાવી લેવાઈ હતી. યુવકનું ડુબી જવાથી મૃત્યુ નિપજયું હતું. જયારે યુવતીનો આબાદ બચાવ થવા પામ્યો હતો. ડભોડા પોલીસે કાયદેસરની કાર્યવાહી કરી તપાસ શરુ કરી છે.

પ્રાપ્ત માહિતી મુજબ ગઈ સમી સાંજે કુબેરનગર વિસ્તારનો ૨૮ વર્ષીય યુવાન અશોક હરિરામ લખાણી પોતાની પ્રેમિકા સાથે લીંબડીયા નર્મદા કેનાલ આવી પહોંચ્યો હતો. બંને પ્રેમી પંખીડા આપઘાત કરી લઈ સાથે જીવન મરણના આપેલા કોલ નિભાવવા આવ્યા હતા. અશોકે કેનાલમાં છલાંગ લગાવી દીધી અને તેની પ્રેમીકા કુદે તે પહેલા જ કેનાલ સિકયુરીટી ગાર્ડ પ્રવિણભાઈ ઠાકોરનું ધ્યાન જતાં તાબડતોબ દોડીને તેણીને બચાવી લીધી હતી. તો બીજી તરફ કેનાલમાં કુદી ગયેલ પ્રેમીનું ડુબી જવાથી મૃત્યુ થઈ ચુકયું હતું. ડભોડા પોલીસને ઘટનાની જાણ થતાં પીએસઆઈ પી.જે. સોલંકી તેમની ટીમ સાથે પહોંચી ગયા હતા અને અકસ્માત મોતનો ગુનો નોંધી મૃતદેહ કેનાલમાંથી બહાર કઢાવી પી.એમ. કરવા મોકલી કાર્યવાહી આરંભી દીધી છે.

## લીંબડીયા કેનાલમાંથી આધેડનો બિનવારસી મૃતદેહ મળ્યો

લીંબડીયા નર્મદા કેનાલમાંથી આજે બપોરના અરસામાં કેનાલ સિકયુરીટી ગાર્ડ પેટ્રોલીંગમાં હતો તે દરમિયાન આશરે ૪૦ થી ૪૫ વર્ષની ઉંમરના આધેડનો બિનવારસી મૃતદેહ તરતો મળી આવ્યો હતો. ગાર્ડે પોલીસને જાણ કરતા જમાદાર વનરાજસિંહ બનાવ સ્થળે પહોંચી ગયા હતા અને મૃતદેહ બહાર કાઢી ઓળખ થાય તે માટે પ્રયત્નો શરુ કર્યા હતા. જો કે તેની ઓળખ થઈ શકી નથી. પોલીસે મૃતદેહ પી.એમ. કરાવી ઓળખ માટે તથા વાલીવારસની શોધખોળ માટે તજવીજ શરુ કરી છે.

# નવા પાલજમાં ૨૫ વર્ષીય યુવાનનો પંખે લટકી આપઘાત

## આપઘાતનું કારણ હજુ અકબંધ : ચિલોડા પોલીસે તપાસ શરુ કરી

ગાંધીનગર, તા.૨૫

ગાંધીનગર નજીક નવા પાલજ વિસ્તારમાં ભાડે રહેતા ૨૫ વર્ષીય યુવાને ગઈ કાલે પોતાના રૂમમાં કોઈ અગમ્ય કારણોસર પંખે રસ્સી નાંખી લટકી જઈ ગળે ફાંસો ખાઈ લેતા ચકચાર મચી જવા પામી છે. ચિલોડા પોલીસને ઘટનાની જાણ થતા મૃતદેહ પોસ્ટ મોર્ટમ માટે ગાંધીનગર સિવિલ હોસ્પિટલ મોકલી અકસ્માત મોતનો ગુનો દાખલ કરીને ઝીણવટભરી તપાસ શરુ કરી છે.

નવા પાલજ વિસ્તારમાં રહેતા જીતેન્દ્રસિંહ મફાજી બિહોલાના મકાનના બીજા માળે ૨૫ વર્ષીય યુવાન રવિકાન્ત ભાડે રહેતો હતો. ગઈ કાલે કોઈ કારણોસર રવિકાન્ત એકલો હતો ત્યારે પંખાના હુક સાથે રસ્સી બાંધીને તેણે ગળે ફાંસો ખાઈ આપઘાત કરી લીધો હતો. જીતેન્દ્રસિંહને ઘટનાની જાણ થતા તાત્કાલીક પોલીસને બોલાવી લીધી હતી. ચિલોડા પોલીસ મથકના જમાદાર દિલાવરખાન ઘટના સ્થળે પહોંચી ગયા હતાં. જો કે આપઘાતનું કારણ છતું થાય તેવી કોઈ ચિઠ્ઠી કે અન્ય સીધું દેખીતું કારણ મળી આવ્યું નથી. પોલીસે અકસ્માત મોતનો ગુનો દાખલ કરીને મૃતદેહ પી.એમ. કરાવી આપઘાતનું કારણ બહાર લાવવા તજવીજ શરુ કરી છે.

## જાગા સ્વામીના રથનું ગાંધીનગરમાં ભવ્ય સ્વાગત

ગાંધીનગર, તા.૨૫

સ્વામિનારાયણ સંપ્રદાયના મહાન સંત પ.પૂ.જાગા સ્વામી રથનું ગાંધીનગરમાં ભવ્ય સ્વાગત કરાયું હતું. ગુજરાતભરમાં આશરે ૮૦૦૦ કિમની યાત્રા બાદ ગાંધીનગર પધારેલ રથનું સ્વાગત શહેર મોચી સમાજના પ્રમુખ ભગવાભાઈ ગોહેલ, મંત્રી હસમુખભાઈ વાઘેલા, સહજાનંદ મિત્ર મંડળના પ્રમુખ દશરથભાઈ ચૌહાણ, મંત્રી ધીરુભાઈ ચૌહાણ, મહેન્દ્રભાઈ ચૌહાણ તથા અન્ય આગેવાનોએ પૂજા અર્ચના કરી, ફુલહારથી રથનું અને પૂ. જયંતિ ભગતનું સ્વાગત કરી સત્સંગ આરતી કરી હતી. પધરામણી સાથે પૂ.જયંતિ ભગતે જાગા સ્વામીની મહિમાની પુસ્તિકા, પત્રિકા તથા ખેસથી સર્વેનુ સ્વાગત કર્યુ હતું. હરિભકતો તથા શહેરીજનો સૌએ શ્રધ્ધાપૂર્વક ભાગ લઈ લાભ લીધો હતો.

(તસવીર : કશ્યપ નિમાવત)

શહેરમાં ગુરૂવારે રાત્રી સમયે ગફલતભરી રીતે કાર હંકારતા ચાલકે કાબુ ગુમાવતા કાર ધડાકાભેર ગ-૩ સર્કલને ટકરાઈ હતી. સદનસીબે કોઈ ગંભીર ઈજાઓ થવા પામી નથી. પરંતુ કારને અને સર્કલને સારૂ એવું નુકશાન થયું હતું.

# આજે ગાંધીનગરમાં

## આજનો દિવસ

સૂર્યોદય : ૫.૫૭
સૂર્યાસ્ત : ૭.૩૦

## તાપમાન

મહત્તમ : ૩૩.૦ ડિ.સે.
લઘુત્તમ : ૨૪.૦ ડિ.સે.

## ભેજનું પ્રમાણ

સવારે ૯૨ ટકા ● સાંજે ૭૩ ટકા

## મનોરંજન

### સિટીપલ્સ

**સ્ક્રીન-૨ :**
એબીસીડી - ૨ : ૧૨.૩૦, ૩.૩૦, ૬.૪૫, ૧૦.૦૦
**સ્ક્રીન-૩ :**
ઇન્સીડીઉસ (અંગ્રેજી) : ૧.૧૫, ૩.૧૫, ૮.૧૫
એબીસીડી - ૨ (૩ડી) : ૧૧.૦૦, ૫.૧૫, ૧૦.૧૫
**સ્ક્રીન-૪ :**
જો બકા : ૧૦.૦૦
તનુ વેડ મનુ ૨ : ૧.૦૦
યુવા : ૪.૦૦, ૧૦.૦૦
વેકલમ જિંદગી : ૭.૦૦
**સ્ક્રીન-૫ :**
એબીસીડી - ૨ : ૧૦.૦૦, ૧.૪૫
હમારી અધુરી કહાની : ૭.૧૫
જુરાસિક વર્લ્ડ (હિન્દી) ૨ડી : ૪.૪૫, ૧૦.૦૦

### સિનેમેક્સ

**: સ્ક્રીન-૧ :**
એબીસીડી - ૨ : ૯.૦૦, ૧૨.૧૫, ૩.૩૦, ૧૦.૦૦
જુરાસિક વર્લ્ડ (હિન્દી) : ૬.૪૫
**સ્ક્રીન-૨ :**
બે યાર (ગુજરાતી) : ૮.૦૦
એબીસીડી - ૨ : ૧૦.૪૫, ૨.૦૦, ૭.૩૦
ઇન્સીડીઉસ (અંગ્રેજી) : ૫.૧૫, ૧૦.૪૫
**સ્ક્રીન-૩ :**
ઇન્સીડીઉસ (અંગ્રેજી) : ૯.૧૫, ૧૧.૩૦
જુરાસિક વર્લ્ડ (હિન્દી) : ૧.૪૫, ૧૦.૩૦
એબીસીડી - ૨ : ૪.૩૦
હમારી અધુરી કહાની : ૭.૪૫
**સ્ક્રીન-૪ :**
મિસ તનકપુર હાજીર હો (હિન્દી) : ૧૦.૦૦, ૧૨.૪૫, ૬.૧૫
જુરાસિક વર્લ્ડ (હિન્દી) : ૩.૩૫
એબીસીડી - ૨ : ૯.૦૦

## આપની આજ

**મેષ** : પારિવારિક જીવન સંતોષપ્રદ રહેશે. દિનચર્યા ખૂબ વ્યસ્ત અને વ્યવસ્થિત રહી શકશે. નોકરીમાં સ્થિતિ સુધરશે. દરેક ક્ષેત્રમાં સન્માન પ્રાપ્ત થશે. વાહન ચલાવતી વખતે સાવચેતી રાખો. કુટુંબમાં સુખ-શાંતિ રહેશે.

**વૃષભ** : તમારા કાર્યની વૃત્તિ વ્યવહારિક હોવાની સાથે સાથે માનસિક શ્રમ-પ્રધાન હોવી જોઈએ. ઉત્સાહ અને પ્રયાસ તમને સફળતા પ્રદાન કરી શકશે. જમીનના વ્યવસાય સાથે સંકળાયેલા માટે આજનો દિવસ શુભ બની રહેશે. જૂના કાર્યોનું પરિણામ મળશે.

**મિથુન** : વ્યવસાયિક યોજનાઓનો અમલ થશે. પારિવારિક વાતાવરણ સહયોગાત્મક રહેશે. કાર્યક્ષમતા વધશે. જવાબદારીઓ વધશે, જેની પૂર્તિ કરવી પડશે. વરિષ્ઠ ગુરુઓની કૃપા પ્રાપ્ત થશે. ઘરમાં મહેમાન આવવાની સંભાવના છે. દિવસ આનંદમય રીતે પસાર થશે.

**કર્ક** : ધૈર્યને કારણે તમારી મોટીથી મોટી આકાંક્ષા પણ પૂર્ણ થઈ જશે. આપને કર્મક્ષેત્રમાં ગહન શોધ વગેરેના કાર્યો થવાની શકયતાઓ છે. આર્થિક ક્ષેત્રમાં લંબિત પ્રકરણોમાં સમય પસાર થઈ શકે છે. કુટુંબમાં ધાર્મિક તેમજ મંગળ કાર્યો યોજાશે.

**સિંહ** : યશ, ઉત્સાહ વધશે. પ્રયાસ સાર્થક થશે. ધાર્મિક કાર્યોમાં રૂચી વધશે. શુભ સમાચાર પ્રાપ્ત થશે. સંતાનના વ્યવહારથી સમાજમાં તમારી પ્રતિષ્ઠામાં કમી આવી શકે છે.

**કન્યા** : સમ્માનમાં કમીના અવસરનો સંદેશ. કાર્યની ગતિને પ્રભાવિત કરશે. વ્યાપારમાં હાનિ થવાની સંભાવના છે. કુટુંબમાં વડીલો સાથે વિવાદમાં ન પડવું . ઉચ્ચસ્તરીય ધાર્મિક કાર્યોનું આયોજન થઈ શકશે. પવિત્ર ધાર્મિક સ્થળોની યાત્રા-પ્રવાસનું આયોજન થશે.

**તુલા** : વ્યાપારમાં લાભની સ્થિતિ બનશે. સ્ત્રી પક્ષથી કાર્યોમાં સહયો પ્રાપ્ત થશે. શુભ સમાચાર મળવાથી મન પ્રફુલ્લિત થશે. સામાજિક ક્ષેત્રોમાં, જ્ઞાન વર્ધક કાર્યોમાં ઉપસ્થિત રહેવું પડે તેવી પરીસ્થિતિ ઉભી થઈ શકે છે.

**વૃશ્ચિક** : સહયોગી અને ભાઈઓના વ્યાપારમાં વૃદ્ધિ થશે. ખાસ મહત્વનાં આર્થિક કાર્યોમાં ભાગ્યવર્ધક સફળતા પ્રાપ્ત થવાની સંભાવાનાઓ બની રહી છે. નાણાંકીય કાર્યોમાં વિશેષ યાત્રા-પ્રવાસનો યોગ બની રહ્યો છે.

**ધન** : માનસિક અસંતોષને કારણે નવી યોજનાઓમાં વિલંબ થઈ શકે છે. કર્મક્ષેત્રમાં કોઈ શોધ દ્વારા સન્માન વૃદ્ધિનો યોગ બની રહ્યો છે. કર્મક્ષેત્રમાં ઉચ્ચસ્તરીય કાર્યોમાં સફળતા પ્રાપ્ત કરી શકશો.

**મકર** : કોઈ વિશિષ્ટજનની સલાહ તમારી સ્થિતિમાં લાભકારી પરિવર્તન કરશે. શિક્ષા, જ્ઞાન, આધ્યાત્મના કાર્યોમાં મન લાગશે. ધર્મ, માંગલિક કાર્યોમાં સંબંધીમાં ચિંતન થઈ શકશે.

**કુંભ** : આમોદ-પ્રમોદના અવસર મળશે. શૈક્ષણિક ક્ષેત્રમાં આવનારી સમસ્યાઓને સંયમપૂર્વક ઉકેલવી યોગ્ય રહેશે. રાજકીય તથા સામાજિક ક્ષેત્રમાં પ્રતિષ્ઠામાં વૃદ્ધિ થવાનો યોગ બની રહ્યો છે.

**મીન** : જ્ઞાન, ગહન શોધ તેમજ આધ્યાત્મનાં અગત્યનાં કાર્યોમાં સફળતા પૂર્વક પાર પડી શકશે. કર્મકાંડ આધ્યાત્મ સંબંધી કાર્યોમાં મન લાગશે. કૌટુંબિક પ્રશ્નોનું નિરાકરણ આવી શકે છે.

## ચિરવિદાય

- સ્વ. સંજયભાઈ શિવપ્રસાદ શુક્લ (ઉ.વ.,૪૦) મુ. રૂપાલ, તા.જી. ગાંધીનગર
- સ્વ. સુર્યાબા લક્ષ્મણજી વાઘેલા (ઉ.વ.૫૧) મુ. ખોરજ ડાભી, તા.કલોલ, જી. ગાંધીનગર
- સ્વ. ભૂપેન્દ્રભાઈ લક્ષ્મણભાઈ પ્રજાપતિ (ઉ.વ.૪૫) મુ. પેથાપુર, ગજાનંદ બંગલો, તા.જી. ગાંધીનગર
- સ્વ. બાલુબેન રણછોડજી ઠાકોર (ઉ.વ.૮૨) મુ. ચાંદીસણા, તા.કલોક, તા.જી. ગાંધીનગર
- સ્વ. નટવરલાલ દરવાડીલાલ શાહ (ઉ.વ.૭૯) પ્લોટ નં. ૪૯૩/૧, સેકટર-૨૨, ગાંધીનગર
- સ્વ. પ્રકાશજી પ્રહલાદજી ઠાકોર (ઉ.વ.૩૦) મુ.મકાખાડ, તા. માણસા, જી. ગાંધીનગર
- સ્વ. જેઠભાઈ પરેશભાઈ જાદવ (ઉ.વ.૭૫) પ્લોટ નં. ૨૧૮/૨, સે-૫એ, ગાંધીનગર